# ૨૨ એપ્રિલ -૨૦૧૬ (શુક્રવાર)

- **હનુમાન જયંતિ - ચૈત્ર સુદ પુનમ**
- **'સિલિકા એરોજેલ' :**

- ઇસરોએ દુનિયાનો સૌથી હળવો પદાર્થ સિલિકા એરોજેલ તૈયાર કર્યો.
- સિઆચીનમાં ઠુંઠવાતા લશ્કરી જવાનો માટે આ પદાર્થ તેના ગરમાટાના કારણે જવાનોને ઠંડી સામે રક્ષણ આપી શકશે.
- હિમાલય વિસ્તારમાં પેટ્રોલીંગ કરતાં જવાનોના જેકેટમાં એરોજેલનું પડી વણી લેવામાં આવશે.
- ઇસરો અવકાશ યાનોના એન્જીનમાં પણ તેનો ઉપયોગ કરશે.
- સિલિકા એરોજેલ 'બ્લુ એર' અને ફ્રોઝન સ્મોક' તરીકે પણ ઓળખાય છે.
- તેનો કલર વાદળી હોવાથી અને દેખાવ વરાળ ઉડતી હોય એવો હોવાથી આવા નામ અપાયા છે.

- **ટાઇમ મેગેઝીનની વિશ્વની ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી :**

- પ્રખ્યાત ટાઇમ મેગેઝીને વિશ્વની ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી બહાર પાડી
- અલગ અલગ કેટેગરીમાં આ યાદી જાહેર કરાઇ હતી જેમાં લીડરશીપની કેટેગરીમાં ભારતમાંથી આરબીઆઇના ગવર્નર રઘુરામ રાજનનો સમાવેશ કરાયો છે.
- આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્થાન મળ્યું નથી.
- યાદીમાં સમાવિષ્ટ અન્ય ભારતીયો :
  સાનિયા મિર્ઝા, પ્રિયંકા ચોપરા, સુંદર પીચાઇ, બિન્ની બંસલ તથા સચીન બંસલ, સુનિતા નારાયણ.

- **ઉર્મિલાબેન પટેલ :**

- મહિલા આગેવાન કોંગ્રેસી નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉર્મિલાબેન પટેલનું અવસાન.
- પૂર્વ મુખ્યમંત્રી સ્વ.ચીમનભાઈ પટેલના પત્નિ ઉર્મિલાબેન નર્મદા યોજનાનાં પ્રખર હિમાયતી હતાં.

- **કુંભ મેળો : ઉજ્જૈન :**

- ઉજ્જૈન ખાતે આજથી ૨૨ એપ્રિલ થી ૨૧ મે સુધી કુંભ મેળાનું આયોજન થશે.
- અવન્તિકાપુરીએ ઉજ્જૈનનું બીજું નામ છે.
- મધ્યપ્રદેશના પ્રાચીન નગરમાં પ્રતિબાર વર્ષે વિપ્રા નદી તટે કુંભમેળાનું આયોજન થાય છે.

**પ્રશ્નો**

(૧) ગુજરાતી માસ પ્રમાણે હનુમાન જયંતિ ક્યારે આવે છે ?
- ચૈત્ર સુદ પુનમ

(૨) તાજેતરમાં ઇસરો દ્વારા તૈયાર કરાયેલ દુનિયાના સૌથી હળવા પદાર્થનું નામ જણાવો.
- સિલિકા એરોજેલ

(૩) સિલિકા એરોજેલ અન્ય કયાં નામથી ઓળખાય છે ?
- 'બ્લુ એર' અને ફ્રોઝન સ્મોક'

(૪) પ્રખ્યાત મેગેઝીન ટાઇમ દ્વારા વિશ્વની ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં લીડરશીપની કેટેગરીમાં કયાં ભારતીયને સ્થાન મળ્યું ?
- રઘુરામ રાજન

(૫) કુંભ-મેળાં-૨૦૧૬ નું આયોજન ક્યાં થઇ રહ્યું છે ?
- ઉજ્જૈન

(૬) કુંભમેળો દર કેટલા વર્ષે યોજાય છે ?
- ૧૨

(૭) ઉજ્જૈનમાં કઈ નદિના કિનારે કુંભમેળો યોજાય છે ?
- ક્ષિપ્રા

(

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧